## માનસિક બીમારી મટાડવાના બહાને ધર્મની બેને નાણાં ખંખેર્યાં

**જોળવાની** ઘટના, યુવક પાસે રૂ.2.54 લાખ ખંખેરી લેનાર મહિલા સામે ફરિયાદ

પલસાણા: પલસાણા તાલુકામાં ધાર્મિક વિધિથી બીમારી સાજી કરવાનો દાવો કરી એક યુવક સાથે રૂ.૨,૫૪,૬૫૦ની છેતરપિંડી આચરવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે પલસાણા પોલીસ મથકમાં સત્તાવાર એફ.આઈ.આર. નોંધવામાં આવી છે.

પલસાણાના જોળવા ખાતે આવેલી સાંઈ આંગન રેસિડેન્સીમાં રહેતા અને ડ્રાઈવિંગ કરતા ૩૦ વર્ષીય સત્યપ્રકાશ તિવારી વર્ષ-૨૦૨૪થી માનસિક તણાવથી પીડાતા હતા. અયોધ્યા, પ્રયાગરાજ અને ઉજ્જૈન જેવાં સ્થળોએ જવા છતાં તેમને રાહત મળી નહોતી. જુલાઈ-૨૦૨૪માં તેમની મુલાકાત દસ્તાન રેસિડેન્સીમાં રહેતી કેશરબેન ધનરાજ કોળી સાથે થઈ હતી. કેશરબેને સત્યપ્રકાશને ધર્મનો ભાઈ બનાવી, ધાર્મિક પૂજાવિધિ દ્વારા તેમની બીમારી સંપૂર્ણ મટાડી દેવાની ખાતરી આપી વિશ્વાસમાં લીધા હતા. આ વિશ્વાસમાં આવીને સત્યપ્રકાશ અને તેમની પત્ની ગોલ્ડીકુમારી કેશરબેન સાથે હજીરા સ્થિત આશાપુરી માતાના મંદિરે તથા અન્ય ધાર્મિક સ્થળોએ પૂજાવિધિ માટે જતા હતા.

આ સંબંધનો ગેરલાભ ઉઠાવી કેશરબેને અવારનવાર ઓનલાઈન નાણાં માંગવાનું શરૂ કર્યું હતું. ૫ જુલાઈ-૨૦૨૪થી ૩૦ જુલાઈ-૨૦૨૬ દરમિયાન સત્યપ્રકાશે પોતાના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ ૨,૫૪,૬૫૦ UPI મારફતે ટ્રાન્સફર કર્યા હતા. લાંબો સમય વિત્યા બાદ પણ સ્વાસ્થ્યમાં સુધારો ન થતાં અને આપેલી રકમ પરત માંગતાં મહિલાએ ના પાડી દીધી હતી. ઠગાઈનો અહેસાસ થતાં સત્યપ્રકાશે પડોશીની સલાહથી પલસાણા પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે આરોપી કેશરબેન સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નિઝરના કોટલીમાં રેતીખનન સામે ભૂસ્તર વિભાગનો દરોડો

**અંદાજિત** 2 કરોડનો મુદ્દામાલ જપ્ત, રેતી માફિયાઓ ભૂગર્ભમાં ઊતરી ગયા



વ્યારા, કુકરમુંડાઃ તાપીમાં ભૂસ્તર વિભાગની સુરત ફ્લાઈંગ સ્ક્વોડની ટીમે આકસ્મિક રેડ કરતાં ખનીજ ચોરી કરતાં રેતી માફિયાઓમાં ખળભળાટ મચી ગયો છે.

મળતી માહિતી મુજબ નિઝર-કુકરમુંડા તાલુકામાં તાપી નદીના પટમાં ગેરકાયદે રીતે ચોમાસા દરમિયાન પણ રેતીમાફિયાઓ સક્રિય રહેતાં સુરત ભૂસ્તર વિભાગની ટીમે ગુરુવારે નિઝરના કોટલી ગામે તાપી નદીના પટ વિસ્તારમાંથી આકસ્મિક તપાસ હાથ ધરી હતી. દરમિયાન ભૂસ્તર વિભાગની ટીમે ગેરકાયદે રીતે ગ્રાવલ ભરી પસાર થતી ૫ ટ્રક અને હિટાચી મશીન સાથે અંદાજિત ૨ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. જેને લઈને તાપી નદીમાંથી ગેરકાયદે બેફામ રીતે રેતી ઉલેચનારા ખનીજ ચોરોમાં ખળભળાટ મચી જતાં રેતી માફિયાઓ ભૂગર્ભમાં ઊતરી ગયા હતા.

## તરસાડીમાં હત્યાની ધમકી આપનારા 5 સામે ફરિયાદ

હથોડાઃ કોસંબા પોલીસ મથક હદના તરસાડી વિસ્તારમાં દુકાન સામે રૂમાલની પોટલી બાંધી કંકુ નાખવાની ઘટના મામલે હવે વળતી ફરિયાદ નોંધાઈ છે. અરજીમાં સાક્ષી રહેવાની ના પાડનાર રઈશ રફીક ઘાંચીને માર મારી જાનથી પતાવી દેવાની ધમકી આપવા અંગે પાંચ શખ્સો સામે ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તરસાડીનો રઈશ ઘાંચી બપોરે ડિસ્ટ્રિક્ટ બેંક પાસેથી પસાર થતો હતો. ત્યારે તરસાડીના ચિશ્તીનગરમાં રહેતા સલમાન ઉસમાન ગની મલેક તેને રોકીને દુકાન સામે કંકુ નાંખવાની બાબતે પોલીસ અરજીમાં સાક્ષી રહેવા જણાવ્યું હતું. જો કે, રઈશે સાક્ષી બનવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. આ બાબતની અદાવત રાખી સાંજના સમયે બજારમાંથી ઘરે પરત ફરતી વખતે નવરંગ આઈસક્રીમ સામે સલમાનના પિતા ઉસ્માન ગની મલેકે રઈશ પર હુમલો કર્યો હતો અને હાથ-પગ તોડી નાંખવાની ધમકી આપી હતી. બાદ આક્ષેપિતો ઉસ્માન ગની મલેક, સલમાન ઉસ્માન ગની મલેક, સાદાબ ઉસ્માન ગની મલેક, સાહિસ્તા પરવીન સાદાબ મલેક અને શાહીન સલમાન મલેક (તમામ રહે., તરસાડી) રઈશના ઘર નીચે આવી પહોંચ્યા હતા અને તેને ગાળો આપી ઢીકામુક્કીનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. આ સમગ્ર મામલે કોસંબા પોલીસે પાંચેય વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અંકલેશ્વરમાં નશાકારક ઈન્જેક્શનનું ગેરકાયદે વેચાણ, એક ઝડપાયો

**પ્રતિબંધિત** ઇન્જેક્શન, મોબાઇલ ફોન અને રોકડ સહિત કુલ રૂ.૫૩,૪૮૦નો મુદ્દામાલ જપ્ત



અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરમાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ અને સીઆઈડીની ટીમે પ્રતિબંધિત નશાકારક ઈન્જેક્શનના ગેરકાયદે વેચાણ સામે કાર્યવાહી કરી છે. દરોડા દરમિયાન એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય એક આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે પ્રતિબંધિત ઈન્જેક્શન, મોબાઈલ ફોન અને રોકડ સહિત કુલ રૂ.૫૩,૪૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ, સીઆઈડી વડોદરા ઝોનની ટીમને બાતમી મળી હતી કે અંકલેશ્વરના અંસાર માર્કેટ વિસ્તારમાં આવેલી ભાડાની દુકાનમાંથી ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર પ્રતિબંધિત પેન્ટાઝોસિન લેક્ટેટ ઈન્જેક્શનનું વેચાણ કરવામાં આવે છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી સરફરાજ અહેમદ શમશાદ અહેમદ ખાન (ઉં.વ.૩૧) (રહે.,પ્રતિષ્ઠા રેસિડેન્સી, અંકલેશ્વર)ને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી પેન્ટાઝોસિન લેક્ટેટ ઈન્જેક્શનનાં ૫૪૦ નંગ, એક મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂ. ૫૩,૪૮૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું કે, આ ઈન્જેક્શન આરોપીએ મુંબઈના આશુતોષ પાંડેય પાસેથી મેળવ્યાં હતાં. તેને કેસમાં વોન્ટેડ આરોપી જાહેર કરવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ હવે વોન્ટેડ આરોપીની શોધખોળ ઉપરાંત આ ગેરકાયદે નશાકારક દવાઓના નેટવર્કની પણ તપાસ કરી રહી છે.

## અંબિકાની વહેવલ દૂધમંડળીમાં 30 વર્ષ બાદ સત્તા પરિવર્તન

**નગીન** પટેલનો બહાદુર પટેલ સામે 15 મતથી પરાજય

અનાવલ: અંબિકાના વહેવલ ગામે વહેવલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની આગામી પાંચ વર્ષ માટેની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીમાં મોટો રાજકીય ઉલટફેર સર્જાયો છે. છેલ્લાં 30 વર્ષથી સતત પ્રમુખ તરીકે સેવા આપતા અને મંડળી પર મજબૂત પકડ ધરાવતા નગીનભાઈ બહાદુરભાઈ પટેલને આ ચૂંટણીમાં બહાદુરભાઈ સોંધાભાઈ પટેલ સામે 15 મતથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

મંડળીના અંદાજે 1000 સભાસદો પૈકી હિસાબી વર્ષ 2025-26 દરમિયાન 700 લીટર અથવા 180 દિવસ દૂધ ભરનાર સભાસદોને જ મતદાનનો અધિકાર આપવામાં આવ્યો હતો.

કુલ 11 સામાન્ય વોર્ડ અને 2 મહિલા અનામત વોર્ડમાંથી 3 વોર્ડ બિનહરીફ જાહેર થતાં બાકીના 8 સામાન્ય અને 2 મહિલા અનામત વોર્ડ માટે મતદાન યોજાયું હતું.

ચૂંટણીમાં કુલ 517 મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગત 30 જુલાઈએ મતગણતરી પૂર્ણ થયા બાદ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં નગીનભાઈ બહાદુરભાઈ પટેલને બહાદુરભાઈ સોંધાભાઈ પટેલ સામે 15 મતથી હારનો સામનો કરવો પડ્યો હતો. ત્રણ દાયકાથી દૂધમંડળીમાં રહેલું તેમનું વર્ચસ્વ આ પરિણામ સાથે સમાપ્ત થયું છે. કરોડો રૂપિયાના ટર્નઓવર ધરાવતી આ દૂધમંડળીનું સુકાન હવે નવા અને યુવા કમિટી સભ્યોના હાથમાં આવ્યું છે. પરિણામ જાહેર થતાં જ વિજેતા ઉમેદવારો અને તેમના સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગામમાં ડીજેના તાલે ઉજવણી કરવામાં આવી હતી તેમજ એકબીજાને અભિનંદન પાઠવી વિજયની ખુશી વ્યક્ત કરવામાં આવી હતી.

### સંક્ષિપ્ત સમાચાર

#### મસાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો આજે સુવર્ણ જયંતી મહોત્સવ

કડોદ: બારડોલી તાલુકાની મસાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડે સફળતાપૂર્વક 50 વર્ષ પૂર્ણ કરી 50મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. આ નિમિત્તે 2 ઓગસ્ટે સવારે 9:00 કલાકે 'સુવર્ણ જયંતી મહોત્સવ'નું ભવ્ય આયોજન કરાયું છે. અડધી સદીની આ વિકાસયાત્રામાં યોગદાન આપનાર સ્થાપકો, વહીવટકર્તાઓ, મંત્રીઓ અને દૂધ ઉત્પાદક સભાસદોનું સન્માન કરાશે. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ અને મુખ્ય અતિથિ તરીકે સુમુલ ડેરીના ડિરેક્ટર અજિતભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. પ્રમુખ વિનયભાઈ પટેલ, ઉપપ્રમુખ મહેશભાઈ પટેલ, મંત્રી ચેતનભાઈ પટેલ સહિત સમિતિના સભ્યો ઉત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

#### બગુમરામાં ટ્રેન અડફેટે મજૂરનું મોત

પલસાણાઃ બગુમરા ગામ નજીક રેલ્વે ફાટક પાસે ભુસાવલ-સુરત ટ્રેક પર ગુડ્સ ટ્રેનની અડફેટે આવવાથી ૪૬ વર્ષીય શ્રમજીવી મનબોધ નનકા સરોજનું મોત નીપજ્યું છે. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ વ્યારા ખાતે રહી મજૂરીકામ કરતા મનબોધભાઈ ૩૧મી જુલાઈના રોજ બપોરે રેલવે પાટા પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પસાર થતી ગુડ્સ ટ્રેન સાથે અથડાતાં ઘટના સ્થળે જ તેમનું મોત થયું હતું. આ બનાવ અંગે સુપરવાઇઝર શરદભાઈ ખડરેની જાણના આધારે પલસાણા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

#### સરોલી ગામે ઝેર પીતાં મહિલાનું મોત

સાયણ: સરોલી ગામના હળપતિવાસમાં રહેતા મનીષ રાઠોડનાં પત્ની રેખાબેન (ઉં.વ.૩૫) ગઈકાલે બુધવારે ઘરે અગમ્ય કારણસર ઝેરી દવા પી ગયાં હતાં. પતિ સારવાર અર્થે તેમને સુરતની નવી સિવિલ હોસ્પિટલ લઈ ગયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યાં હતાં. પતિની જાણના આધારે ઓલપાડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

#### હલધરુમાં પ્લાસ્ટિક અને લાકડાંની પ્લેટ્સની આડમાં દારૂની હેરાફેરી

પલસાણાઃ સુરત ગ્રામ્ય એલસીબી ટીમે કામરેજના હલધરુ ગામની હદમાં મુંબઈ-દિલ્હી નેશનલ એક્સપ્રેસ વે નંબર-૪ પરથી લાખો રૂપિયાનો વિદેશી દારૂ ભરેલો ટેમ્પો ઝડપી પાડ્યો હતો.
દમણથી એક ભારત બેંઝ ટેમ્પો નં.(DN-09-M-9255) વિદેશી દારૂનો જથ્થો ભરીને એક્સપ્રેસ વે પરથી વડોદરા તરફ લઈ જવાઈ રહ્યો હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે હલધરુ ગામની હદમાં નાકાબંધી ગોઠવી શંકાસ્પદ ટેમ્પોને અટકાવી તપાસ કરતાં પ્લાસ્ટિક અને લાકડાંની પ્લેટ્સની આડમાં છુપાવાયેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે રૂ.૧૪,૭૨,૫૪૪ની કિંમતની દારૂ તથા બીયરની ૮,૪૮૪ બોટલ જપ્ત કરી છે. દારૂ, ૧૦ લાખની કિંમતનો ટેમ્પો, રોકડ, મોબાઈલ અને અન્ય સામાન મળી કુલ રૂ.૨૪,૯૧,૦૪૪નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ઘટના સ્થળેથી ટેમ્પો ચાલક મુસ્તાક અહેમદ મોઝમ્મલહક ખંડાકર (ઉં.વ.૪૦) (મૂળ-પશ્ચિમ બંગાળ, હાલ-દમણ)ની ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછમાં આ જથ્થો દમણથી વડોદરા લઈ જવાતો હોવાનો ખુલાસો થયો છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા અન્ય ચાર શખ્સ દમણ ખાતે ટેમ્પો આપનાર બાપી, દિનેશ માહતો, દારૂ ભરાવનાર અને વડોદરા ખાતે દારૂ મંગાવનાર અજાણ્યા ઈસમોને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આ છે ડિજિટલ ઈન્ડિયા: વાલોડ સિટી સરવે કચેરીમાં અરજીઓનો ખડકલો

**40થી** 60 દિવસ વીતી ગયા છતાં વારસાઈની નોટિસ કે એન્ટ્રીઓ પેન્ડિંગ

વાલોડઃ રાજ્ય સરકાર ડિજિટલ ઈન્ડિયા અને ઝડપી ઓનલાઈન સેવાઓના દાવા કરી રહી છે, ત્યારે વાલોડ સિટી સરવે કચેરીમાં અરજીઓના નિકાલમાં થઈ રહેલા ભારે વિલંબથી અરજદારો પરેશાન બન્યા છે. જૂન માસમાં કરવામાં આવેલી વારસાઈ તથા અન્ય નોંધોની અરજીઓ પર 40થી 60 દિવસ વીતી ગયા હોવા છતાં હજુ સુધી કાચી કે પાકી એન્ટ્રી તેમજ નોટિસની કાર્યવાહી પૂર્ણ ન થતાં અરજદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કહે છે કે, અરજદારોના જણાવ્યા મુજબ અરજી કર્યા બાદ વારંવાર કચેરીના ધક્કા ખાવા છતાં સંતોષકારક જવાબ મળતો નથી. ક્યારેક સ્કેનિંગની કામગીરી ચાલી રહી છે તો ક્યારેક સર્વરની સમસ્યા છે જેવાં કારણો દર્શાવી અરજદારોને પરત મોકલી દેવામાં આવે છે. પરિણામે સામાન્ય નાગરિકોનો સમય, નાણાં અને પરિશ્રમ વ્યર્થ જઈ રહ્યો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ મેઈન્ટેનન્સ સર્વેયરની વારંવાર બદલી થવાથી કામગીરી પર સીધી અસર પડી રહી છે. વાલોડ માટે અઠવાડિયામાં માત્ર એક દિવસ ફાળવવામાં આવ્યો હોવા છતાં અનેક વખત સંબંધિત અધિકારી મુખ્ય કચેરીમાં કામગીરી હોવાનું કારણ આપી હાજર રહેતા નથી. નવા મેઈન્ટેનન્સ સર્વેયરે પણ હજુ સુધી નિયમિત કામગીરી શરૂ ન કરતાં લાંબા સમયથી અરજીઓ પેન્ડિંગ રહી છે.

ડિજિટલ પદ્ધતિથી નોંધોની પ્રક્રિયા થતી હોવા છતાં જરૂરી સ્ટાફ અને તકનીકી સુવિધાઓના અભાવે કામગીરી ધીમી પડી હોવાનું અરજદારોનું કહેવું છે. દૂરના ગામોમાંથી આવતા લોકોને અનેક વખત નિરાશ થઈ પરત ફરવું પડે છે, જેના કારણે આર્થિક તેમજ માનસિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અરજદારોએ જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ સિટી સરવે કચેરીમાં પૂરતો સ્ટાફ ઉપલબ્ધ કરાવવા, અધિકારીઓની નિયમિત હાજરી સુનિશ્ચિત કરવા અને લાંબા સમયથી પેન્ડિંગ અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવાની માંગ ઉઠાવી છે.

#### મહિનાઓ સુધી રાહ જોવી પડે છે

એક અરજદારે જણાવ્યું હતું કે, અમે અઠવાડિયાઓથી સરકારી કચેરીઓના ચક્કર લગાવી રહ્યા છીએ. મેઇન્ટેનન્સ અધિકારીની ગેરહાજરી અને ધીમી કામગીરીના કારણે અમારું કામ અટકી પડ્યું છે. અરજી કર્યાને 40થી વધુ દિવસ થઈ ગયા છતાં વારસાઈની કાચી નોંધ પણ પડી નથી. ડિજિટલ ઇન્ડિયાના યુગમાં પણ સામાન્ય નાગરિકોને મહિનાઓ સુધી રાહ જોવી પડે તે યોગ્ય નથી.

## કામરેજમાં 11 વર્ષની બાળકીને અડપલાં કરનાર સામે ફરિયાદ

કામરેજઃ કામરેજ કેનાલ રોડ પર રહેતી ૧૧ વર્ષની બાળકી સાથે સોસાયટીની જ એક ફ્રેન્ડ મારફતે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કેળવી યુવકે અડપલાં કર્યા હોવાની ઘટના સામે આવી છે. ધોરણ-૬માં ભણતી માસૂમને કેનાલ રોડ નજીક મોલ પાસે મળવા બોલાવી યુવકે ગુપ્તાંગ અને છાતીના ભાગે અડપલાં કર્યાં હતાં. છેલ્લા ચાર મહિનાથી આ રીતે છેડતી કરાતી હોવાનો ખુલાસો ત્યારે થયો જ્યારે બાળકીને ગુપ્ત ભાગે દુખાવો ઉપડ્યો હતો. માતાએ પૂછપરછ કરતાં પુત્રીએ સમગ્ર આપવીતી રડતાં-રડતાં જણાવી હતી. આ અંગે માતાએ કામરેજ પોલીસ મથકમાં આરોપી યુવક સામે ગુનો નોંધાવ્યો હતો.


**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
**Bharuch City Division**
B/H Jilla Panchayat, Station Road, Panchbatti, Bharuch 392 001
**DGVCL Toll Free No. 19123** (OR 1800 233 3003)

**Tender Notice**

Tenders (Nos. 8 to 11 (2026-27) are invited for carrying out monthly/ bi-monthly spot meter reading through Android Mobile Devices (PDA), spot billing, and printing & distribution of Smart Meter Bills for Bharuch East, Bharuch West, Panchbatti, Bharuch Rural and Haldarva Sub-Divisions under Bharuch City Division. Details of the tenders are available on dgvcltender.nprocure.com.

**EE (O&M), Bharuch City Division, DGVCL.**

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents



**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

**વિધુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) તરીકેના હોદ્દા માટે તા. ૦૯.૦૮.૨૦૨૬ ના રોજ રાખવામા આવેલ લેખિત પરીક્ષા મુલતવી રાખવા બાબતની સૂચના**

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તા.૩૧.૦૭.૨૦૨૬ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે આગામી તા.૦૯.૦૮.૨૦૨૬ ના રોજ સુરત ખાતે યોજાનાર વિધુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) સંવર્ગની લેખિત પરીક્ષા વહીવટી કારણોસર હાલ પૂરતી મુલતવી રાખવામા આવેલ છે. સદર સંવર્ગની લેખિત પરીક્ષા અંગેની નવી તારીખ ઉમેદવારોને વેબસાઈટ ઉપર જણાવવામાં આવશે. જેની તમામ ઉમેદવારો એ નોંધ લેવી તેમજ ઉમેદવારોને DGVCL ની વેબસાઈટ www.dgvcl.com/Advertisement પર નિયમિતપણે અપડેટ જોતાં રહેવા અંગે ખાસ જણાવવામાં આવે છે.

કા.વા. વિશેષ મહાપ્રબંધક (મા.સં.), દ.ગુ.વી.કં.લિ., સુરત



**ઓનલાઈન જાહેર નિવિદા - ૬૪ (૨૦૨૬-૨૭)**

**પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)**

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ,ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે,નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ,મજુરા ગેટ,સુરત-૩૯૫૦૦૧ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૨ (બે) કામ જેની અંદાજીત કીમત રૂા.૪૮.૫૪ લાખ થી રૂા.૨૨૦.૯૯ લાખ ની છે. જે કામ ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડર માંગવામાં આવે છે. આ કામના ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.tender.nprocure.com ઉપર તા. ૧૮-૦૮-૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

નોંધ ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં આર.પી.એ.ડી. થી મોકલવાના રહેશે.

ક્રમાંક/માહિતી-સુરત/૪૪૬/૨૦૨૬



**ઓનલાઈન જાહેર નિવિદા - ૬૩ (૨૦૨૬-૨૭)**

**પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)**

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે, નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત-૩૯૫૦૦૧ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૨ (બે) કામ જેની અંદાજીત કીમત રૂા.૪૦૩૨.૭૫ લાખ થી રૂા.૭૩૦૨.૦૯ લાખ ની છે. જે કામ ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડર માંગવામાં આવે છે. આ કામના ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.tender.nprocure.com ઉપર તા. ૨૯-૦૮-૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. આ કામની પ્રી-બીડ મીટીંગ તા. ૧૭-૦૮-૨૦૨૬ ના ૧૨.૦૦ કલાકના રોજ રાખવામાં આવેલ છે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

નોંધ ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં આર.પી.એ.ડી. થી મોકલવાના રહેશે.

ક્રમાંક/માહિતી-સુરત/૪૪૫/૨૦૨૬



**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
સુરત ગ્રામ્ય વિભાગીયકચેરી
ઊર્જા સદનની સામે,નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વીજપુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈ પણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો. ચાલુ કરી દેવામાં આવશે.જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટસેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી.કોસમાડા | ૧૧ કે.વી. વેડછા | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૦૬.૦૮.૨૬/ ગુરુવાર | ૦૯.૦૦ થી ૧૭,૦૦ |

કાર્યપાલક ઇજનેર(સં. અને નિ.),સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.



**જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૨૬-૨૭**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા × મ) પ.ટા વિભાગ, જિલ્લા પંચાયત ભવન, જુનાથાણા, નવસારી ફોન નં.(૦૨૬૩૭) ૨૫૮૦૧૨/૨૩૩૫૫૬ ની કચેરી દ્વારા જિલ્લા પંચાયત, નવસારીમાં પહેલા માળે અને બીજા માળે કાર્યરત આર.ઓ. મશીનના વાર્ષિક મરામત અને સાફ સફાઈના ભાવો વર્તમાન તમામ ટેક્ષો સહિતના ભાવો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. આ ભાવ અત્રેની કચેરીને તા.૦૭/૦૮/૨૦૨૬ સુધીમાં મળી જાય તે પ્રમાણે હાથોહાથ / પોસ્ટ થી રવાના કરવાના રહેશે. ભાવના કવર ઉપર " આર.ઓ. મશીનના વાર્ષિક મરામત અને સાફ સફાઈના ભાવો'' એવુ લખવાનું રહેશે. આવેલ ભાવો સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવ્યા બાદ કામગીરી કરવાની જાણ કર્યાથી કામગીરી સત્વરે કરવાની રહેશે.

આ નિવિદા અંગેની વધુ માહિતી અંગે કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં કચેરીના સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાથી મળશે. ભાવો મંજુર કરવા કે ન કરતા તેના હકકો અબાધિત રાખવામાં આવે છે.

નાયબ કાર્યપાલક ઈજનેર
પંચાયત (મા × મ) પેટા વિભાગ
નવસારી

માહિતી/નવસારી/૨૧૬/૨૦૨૬



**સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા), સુરત**
**ઓન લાઈન ઈ.ટેન્ડરીંગ નોટીસ નં: સુડા/સીબી/૦૧/૨૦૨૬-૨૭**

મુખ્ય કારોબારી અધિકારીશ્રી,સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુડા ભવન, વેસુ આભવા રોડ, વેસુ, સુરત - ૩૯૫૦૦૭ દ્વારા માન્યશ્રીની નોંધાયેલ ઇજારદારો / એજન્સીઓ પાસેથી નીચે જણાવેલ કામ માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.કામની વધુ વિગતો Website https://suda.nprocure.com and https://www.nprocure.com પર તા.૩૧/૦૮/૨૦૨૬ સુધી જોવા મળશે.

| અ. નં. | કામનું નામ | કામની સંખ્યા |
|---|---|---|
| ૧ | CONSTRUCTION OF E.W.S.-II TYPE- 972 HOUSES AT T.P. NO.- 48 (KHOLVAD) F.P. NO.- 227 UNDER AHP COMPONENT OF PMAY-2.0 (U) IN SUDA, SURAT, GUJARAT. | ૧ |

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત

ક્રમાંક . માહિતી-સૂરત/૪૪૩/૨૦૨૬